રાજકોટમાં 10 જાન્યુ.એ વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ

પીએમ મોદી ઉદ્ઘાટન કરશે, સૌરાષ્ટ્ર કચ્છમાં વિવિધ ઉદ્યોગોને પ્રોત્સાહન અને રોજગાર સર્જનનો આશય

ગાંધીનગરઃ ઉત્તર ગુજરાત બાદ હવે કચ્છ-સૌરાષ્ટ્ર વિસ્તારમાં રોકાણ અને ઉદ્યોગ વિકાસને નવી ગતિ આપવા માટે પીએમ નરેન્દ્ર મોદી 10 જાન્યુઆરી, 2026ના રોજ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું ઉદ્ઘાટન કરશે. બે દિવસીય આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના ઉદ્યોગકારો, રોકાણકારો અને વિવિધ દેશોની દૂતાવાસોના પ્રતિનિધિઓ ભાગ લેશે, જેમાં ઔદ્યોગિક રીતે પછાત વિસ્તારોમાં ઉદ્યોગ એકમોને પ્રોત્સાહન આપવાની સાથે મોટા પાયે રોજગારી સર્જન પર ખાસ ભાર મૂકવામાં આવશે.

રાજ્ય સરકારના બદલાતા ઔદ્યોગિકરણ રોડમેપની દિશા અને ભાવિ રોકાણ મોડલની સફળતા માટે આ કોન્ફરન્સ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. VGRC દરમિયાન ધોલેરા SIR, સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્યોદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ, ગ્રીન એનર્જી અને પ્રવાસન જેવા મુખ્ય ક્ષેત્રોમાં રોકાણની સંભાવનાઓ રજૂ કરવામાં આવશે. ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપે જણાવ્યું હતું કે સંતુલિત અને સર્વસમાવેશક વિકાસના અભિગમ અંતર્ગત ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે યોજાયેલી રિજનલ કોન્ફરન્સમાં રશિયા, ઇઝરાયેલ, સિંગાપુર, યુએઈ, ઓમાન, કતાર, યુગાંડા, ઈન્ડોનેશિયા, ન્યૂઝીલેન્ડ, ફિનલેન્ડ, કેનેડા અને દક્ષિણ આફ્રિકા સહિત 20 દેશના પ્રતિનિધિઓ જોડાયા હતા અને તેમાં 2.24 લાખ કરોડના MoU થયા હતા, જ્યારે કચ્છ-સૌરાષ્ટ્ર VGRCમાં આ કરતાં બમણાં રોકાણની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ઉદ્યોગ વિભાગના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા મુજબ બ્લુ રિવોલ્યુશન, સિવીડ ફાર્મિંગ, કચ્છ ટુરિઝમ, મરીન ફિશરીઝમાં AI આધારિત સોલ્યુશન્સ, 5G મોનિટરિંગ સિસ્ટમ્સ, મોરબીનું સિરામિક હબ, રાજકોટનું એન્જિનિયરિંગ ક્લસ્ટર, ખનિજ, ગ્રીન એનર્જી, સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપ્સ, MSME તથા એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રો રોકાણ માટે મુખ્ય ફોકસમાં રહેશે. સાથે સાથે મોરબી, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જેવા ઔદ્યોગિક અને વેપાર કેન્દ્રોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે.

2026માં સુરત-વડોદરામાં વધુ બે રિજનલ કોન્ફરન્સ યોજાશે, પ્રવાસન માટે દરેક જિલ્લાના 10 કરોડની ગ્રાન્ટ અપાશે

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ 2027 પૂર્વે રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ 2026માં દક્ષિણ ગુજરાત (સુરત) અને જૂન 2026માં મધ્ય ગુજરાત (વડોદરા) ખાતે વધુ બે રિજનલ કોન્ફરન્સ યોજાશે, જેમાં કેમિકલ્સ, ટેક્સટાઇલ્સ, જ્વેલરી, સેમિકન્ડક્ટર્સ, IT, ફાર્મા, ઓટો, બાયોટેક, એરોસ્પેસ અને ડિફેન્સ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરાશે. સાથે જ રાજ્ય સરકારે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા દરેક 33 જિલ્લામાં જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી અને ગવર્નિંગ કાઉન્સિલની રચના કરી છે, જેને જિલ્લા કલેક્ટર અથવા મ્યુનિસિપલ કમિશનર અધ્યક્ષતા આપશે અને દરેક જિલ્લામાં રૂ.10 કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે, જેના કારણે ઉદ્યોગ સાથે પ્રવાસન આધારિત અર્થતંત્રને પણ નવી ગતિ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ગાંધી બ્રિજનું રિપેરીંગ શરૂ કરાયું



અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ઘણાં સમયથી એક પછી એક બ્રિજોના રિપેરીંગ, મેઈન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. હવે ગાંધી બ્રિજનું રિપેરીંગ કાર્ય શરૂ કરાયું છે. **(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)**

ખોખરાની 'સેવન્થ ડે હાઈસ્કૂલ' સરકારે હસ્તગત કરી લીધી

અમદાવાદ મણિનગરની આ શાળામાં ધો.8ના વિદ્યાર્થીએ ધો. 10ના વિદ્યાર્થીને ચપ્પુ મારતા મોત નીપજ્યું હતું

10000થી વધુ વિદ્યાર્થીઓના હિતમાં સરકારનો નિર્ણય, વહીવટ જિલ્લા શિક્ષણાધિકારીને સોંપાયો, નવું કોઈ એડમિશન હવે નહીં અપાશે

શાળાના મેનેજમેન્ટ દ્વારા અનેક નિયમોનું ઉલ્લંઘન કર્યાનું સામે આવતા કાર્યવાહી

મેનેજમેન્ટ, ટ્રસ્ટ અને શાળાના પરિસરમાં ફેરફાર બાબતે શાળા મંડળ દ્વારા પ્રાથમરી એજ્યુકેશન રૂલ્સના નિયમોનું પણ ઉલ્લંઘન કર્યું હોવાનું જણાયું હતું. આ ઉપરાંત કેટલીક જોગવાઈઓનો સ્પષ્ટ ભંગ થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવતા, તેમજ ટ્રસ્ટ, સોસાયટી બાબતે અસ્પષ્ટતા, શાળામાં પુસ્તકોનું વેચાણ અને નફાખોરી, શાળામાં શિફ્ટ ચલાવવા માટેની મંજૂરીનો અભાવ અને ભાડાકરાર કરારનો ભંગ જેવી બાબતોની જોગવાઈઓનું પાલન નહીં કરાયું હોવાથી આ શાળા સરકાર હસ્તક લેવાની જોગવાઈના નિયમો મુજબ શાળાનો વહીવટ સરકાર હસ્તક લઇ આ શાળામાં હાલમાં ભણતા 10,000થી વધુ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઇ શાળામાં કોઈપણ વિદ્યાર્થીને નવું એડમિશન ન આપવાની શરતે શાળાનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અમદાવાદઃ અમદાવાદ શહેરના ખોખરા મણિનગર વિસ્તારની સેવન્થ ડે હાઇસ્કુલ સરકારે હસ્તગત કરી લીધી છે. આ શાળાના વહીવટદાર તરીકે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીને નીમવામાં આવ્યા છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, આ હાઈસ્કૂલમાં ધોરણ 8ના વિદ્યાર્થીએ ધોરણ 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉપર તિક્ષણ હથિયાર વડે હુમલો કરતા તેનું મોત નીપજ્યું હતું, ત્યારબાદ આ શાળા વિવાદમાં આવી હતી.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડીને સેવન્થ ડે હાયર સેકન્ડરી સ્કૂલનો વહીવટ રાજ્ય સરકાર દ્વારા હસ્તગત કરવામાં આવ્યો છે અને આ શાળાનો વહીવટ જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદને સોપવામાં આવ્યો છે. સેવન્થ ડે હાયર સેકન્ડરી સ્કૂલ આઈસીએસઈ બોર્ડ સંલગ્ન ધોરણ 1થી 12 અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધોરણ 11 અને 12 વિજ્ઞાન પ્રવાહની કાર્યરત શાળા છે. આ શાળામાં અગાઉ ધોરણ 8ના વિદ્યાર્થી દ્વારા ધોરણ 10માં ભણતા વિદ્યાર્થી પર તિક્ષણ હથિયાર વડે હુમલો કરવાથી તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ શાળા સામે કાર્યવાહી કરવા જુદી જુદી રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદને તપાસ સોંપી અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. આ અહેવાલના પગલે તેમજ નિયામક પ્રાથમિક શિક્ષણ કચેરીના અભિપ્રાય બાદ સેવન્થ ડે હાયર સેકન્ડરી સ્કૂલની માન્યતા અને જોડાણ તેમજ વધારાના વર્ગો માટેની પરવાનગી બાબતે નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાયું હતું.

ગુજરાત ઠંડીમાં ઠુંઠવાયું નલિયામાં 12.8 ડિગ્રી

રાજ્યના મોટાભાગના સ્થળોએ લઘુત્તમ તાપમાન 13થી 15 ડિગ્રીની આસપાસ, હજુ બે દિવસ ઠંડી વધવાની આગાહી

ગાંધીનગરઃ પૂર્વીય પવનની અસર હેઠળ ગુજરાતમાં શીત લહેરની અસર જોવા મળી રહી છે. કચ્છ હાલમાં શીત લહેરની ચપેટમાં આવી ગયું છે. છેલ્લા એક સપ્તાહથી કચ્છના નલિયામાં ઠંડીની અસર જોવા મળી રહી છે. આજે સોમવારે કચ્છના નલિયામાં 12.8 ડિ.સે. ઠંડી નોંધાઈ હતી.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજ્યમાં ખાસ કરીને આગામી 48 કલાક સુધી ઠંડી વધશે. નલિયા ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે સોમવારે ઠંડીનો ચમકારો વધ્યો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં સાવ નીચું તાપમાન નોંધાયું હતું. કચ્છમાં ઠંડી વધતા જનજીવનને અસર થઈ છે.

હવામાન

વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં આગામી 48 કલાક દરમ્યાન 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી વધશે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીનો પારો સરેરાશ 28થી 32 ડિ.સે..ની આસપાસ રહ્યો હતો. ભૂજમાં 14 ડિ.સે., નલિયામાં 13 ડિ.સે., કંડલા પોર્ટ પર 16 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલી ડિ.સે. 13 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 13 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 17 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., અમદાવાદમાં 16 ડિ.સે., ડીસામાં 15 ડિ.સે., ગાંધીનગરમાં 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે., વડોદરામાં 13 ડિ.સે. અને સુરતમાં 16 ડિ.સે. જ્યારે દમણમાં 16 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

સ્પીપાના 76 તાલીમાર્થી UPSCની પર્સનાલિટી ટેસ્ટમાં ક્વોલિફાય

સિવિલ સર્વિસીઝની 2025ના પરિણામ જાહેર થયા, ત્રણ વર્ષમાં સ્પીપાના 160 તાલીમાર્થી ઈન્ટર્વ્યૂ માટે ક્વોલિફાય

તાલીમાર્થીને 2000 માસિક સહાય તેમજ વિવિધ તબક્કે 61 હજાર સુધીની આર્થિક સહાય

તાલીમાર્થીઓને પ્રોત્સાહનરૂપે પ્રવેશથી સાત મહિના સુધી માસિક રૂ.૨,૦૦૦ની સહાય તેમજ પ્રિલિમ, મુખ્ય પરીક્ષા અને અંતિમ પસંદગી સુધી વિવિધ તબક્કે રૂ.૨૫,૦૦૦થી રૂ.૬૧,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. સ્પીપામાં ઉપલબ્ધ આ સુવિધાઓ અને વ્યવસ્થિત માર્ગદર્શનના પરિણામે રાજ્યના યુવાનો યુપીએસસીમાં સતત ઝળહળતી સફળતા મેળવી રહ્યા છે.

ગાંધીનગરઃ યુપીએસસી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૫ની મુખ્ય પરીક્ષામાં સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદના ૭૬ તાલીમાર્થી પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થતા ગુજરાત માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. ગુજરાત સરકારની સર્વોચ્ચ તાલીમી સંસ્થા સ્પીપા દ્વારા વર્ષ ૧૯૯૨થી શરૂ કરાયેલા યુપીએસસી સિવિલ સર્વિસીઝ સ્ટડી સેન્ટરના માધ્યમથી રાજ્યના ઉમેદવારોને અખિલ ભારતીય અને કેન્દ્રીય સેવાઓ માટે નિઃશુલ્ક અને સઘન માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

ઓગસ્ટ ૨૦૨૫માં યોજાયેલી મુખ્ય પરીક્ષામાં સ્પીપાના કુલ ૨૭૨ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી યુપીએસસી દ્વારા ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા પરિણામ અનુસાર ૭૬ તાલીમાર્થી પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદ થયા છે. નોંધનીય છે કે શરૂઆતમાં આ સંખ્યા ૪૯ હતી, જે હવે વધીને ૭૬ સુધી પહોંચી છે. છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૬૦ સ્પીપા તાલીમાર્થીઓ ઈન્ટરવ્યુ માટે ક્વોલિફાય થયા છે.

સ્પીપામાં યોજાતા પર્સનાલિટી ટેસ્ટ તાલીમવર્ગમાં વ્યાખ્યાન, ગ્રુપ ડિસ્કશન, વન-ટુ-વન ઈન્ટરવ્યુ અને અનુભવી IAS, IPS, IFS અધિકારીઓ તથા નિષ્ણાત વ્યાખ્યાતાઓની કમિટી દ્વારા મોક ઈન્ટરવ્યુ લેવામાં આવે છે, જેમાં તાલીમાર્થીના પ્રદર્શનની સંપૂર્ણ વિડિયોગ્રાફી કરીને સુધારાની તક આપવામાં આવે છે. આ ઉપરાંત, સ્પીપા દ્વારા પ્રિલિમ, મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક તાલીમ, ૫૦ હજારથી વધુ પુસ્તકો ધરાવતી સમૃદ્ધ લાયબ્રેરી, અદ્યતન વાંચનાલય અને વિનામૂલ્યે વાઈ- ફાઈ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

સુડોકુ ૬૩૯૭ - 'ક્રુતિ'

૩	૫							૧
	૮	૭	૩		૧		૪	૬
૧	૬		૮	૨	૫			
૬			૧		૭			૯
	૧						૨	૩
			૪		૨			
૮			૨		૯			
					૩	૮	૧	૪
૭	૪		૫					૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૭	૭	૬	૫	૬	૨	૭
૨	૬	૭	૬	૬	૭	૨	૭	૫
૫	૭	૬	૭	૨	૨	૬	૬	૭
૭	૬	૬	૨	૬	૨	૫	૭	૭
૬	૨	૭	૬	૫	૭	૭	૬	૨
૭	૫	૨	૭	૭	૭	૬	૬	૬
૭	૭	૬	૭	૨	૨	૬	૬	૫
૬	૭	૨	૨	૭	૬	૭	૫	૬
૬	૭	૨	૨	૭	૬	૭	૫	૬

૭૭૬૬-૭૬૬૭ ક્રિસ્ટિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બાળકને પેટમાં દુખવું

આદુનો રસ, તુલસીના પાંચ પાન વાટીને, મધ ભેળવી પાવું.

ગુજકેટની પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું આજથી શરૂ

30મી સુધીમાં પરીક્ષા ફી રૂ.350 સાથે આવેદનપત્ર ભરી શકાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) 2026ની પરીક્ષા માટે ઓનલાઇન આવેદનપત્રો ભરવાનો આવતીકાલ તારીખ 16 ડિસેમ્બરથી પ્રારંભ થશે, જે ૩૦મી ડિસેમ્બર 2025 સુધી ભરી શકાશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર.આર. વ્યાસે જણાવ્યું હતું કે, ડિગ્રી એન્જિનિયરિંગ, ડિપ્લોમાં ડીગ્રી, ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ, ગ્રુપ-બી અને ગ્રુપ-એબીના ઉમેદવારો માટે લેવામાં આવનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) 2026ની પરીક્ષા માટે ઓનલાઇન આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ પરથી આવતીકાલ તારીખ 16થી 30 ડિસેમ્બર 2025 દરમિયાન ભરી શકાશે.

ગુજકેટની પરીક્ષા ફી રૂપિયા 350 ઓનલાઇન ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, નેટબેન્કિંગ દ્વારા ભરી શકાશે. ફી ભર્યા બાદ સંપૂર્ણ આવેદનપત્ર ફરજિયાત ભરવાનો રહેશે.

11.42 કરોડના ડિજિટલ એરેસ્ટના કેસમાં CID ક્રાઈમે વધુ એક આરોપીને દબોચ્યો

ગાંધીનગરઃ સીબીઆઈ, પોલીસ અધિકારી, ટ્રાઈના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી વોટ્સઅપ વિડીયો કોલ મારફતે ડિજિટલ એરેસ્ટ કરીને રૂપિયા પડાવતી ગેંગના વધુ એક સાગરિતની સ્ટેટ સીઆઈડી ક્રાઈમએ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

સ્ટેટ સીઆઈડી ક્રાઈમના નાયબ પોલીસ મહાનિરીક્ષક ક્રાઈમ-2 પરીક્ષિતતા રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર પી.ડી. મકવાણાએ તપાસ હાથ ધરતા ફરિયાદીને વોટ્સઅપ વિડીયો કોલ કરી પોલીસ અધિકારીની ખોટી ઓળખ આપીને ડરાવી ધમકાવી તમારા જીવનું જોખમ છે, તેમ કહી આજીવન કેદના ખોટા ગુનામાં ફસાવી દેવાનો ડર આપી, ગોંધી રાખી જુદી જુદી બેંકના ખાતાઓમાંથી કુલ 11.42 કરોડ રૂપિયાની છેતરપિંડી કરતી ગેંગના વધુ એક સાગરીત આરોપી અશોક નરસીભાઈ સાંખલાની ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

શબ્દગુંફન - ૭૧૨૧

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. પેટીનામું, વૃક્ષાકૃતિ (૪)
૪. લોકસંખ્યા (૩)
૬. રાતા રંગનું એક કંદમૂળ (૩)
૮. લાંબી વાર્તાવાળું પુસ્તક (૫)
૧૧. અભિતાભ-અભિષેકની એક ફિલ્મ (૪)
૧૨. વીસ ઘા કાગળ (૨)
૧૩. કંકણ, કડું (૩)
૧૫. સેવક (૨)
૧૬. મનુષ્ય (૩)
૧૮. જમીન ખોદવાનું ઓજાર (૩)
૧૯. બીજું (૨)
૨૦. એક ખાટું ફળ (૩)
૨૨. પર્વત કે સરોવર પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૨૪. કેળવણી, શિક્ષણ (૩)
૨૭. નમેલું (૨)
૨૯. મરનારની મિલકતનો હકદાર (૫)
૩૨. પાંચમું પાતાળ (૪)
૩૩. પવન, વાયુ (૩)

ઊભી ચાવી
૧. પ્રણામ, નમસ્કાર (૩)
૨. એક જાતની માછલી (૩)
૩. એક દિવસની મજૂરી (૨)
૫. બધો વખત ટકી રહેનાર (૫)
૬. છંદબધ્ધ વાર્તા, કથા (૨)
૭. રીત, પધ્ધતિ (૩)
૯. લગ્ન કે અન્ય શુભ પ્રસંગે વપરાતી બળદગાડી કે રથ (૩)
૧૦. યુક્તિ, આફત (૨)
૧૨. ગુસ્સો, રોષ (૨)
૧૩. શિક્ષણ, તાલીમ, કેળવણી (૩)
૧૪. અનાથ બાળક (૩)
૧૫. છેડો, પાલવ (૩)
૧૬. માન્ય હોવું તે (૩)
૧૭. શક, શંકા (૩)
૨૧. કેડ, કટિ (૩)
૨૩. ગરીબ (૨)
૨૫. તાજી લીલી વનસ્પતિ (૪)
૨૬. યુધ્ધનું એક હથિયાર (૨)
૨૮. ઝટ, એકદમ (૩)
૨૯. રહેવું તે, દિવસ (૨)
૩૦. બધું (૨)
૩૧. સુંદર સ્ત્રી (૨)

વં	શ	વા	ળી		રો		વ	સ	તી
દ		હે		ગા	જ	ર		ર્વ	
ન	વ	લ	ક	થા		સ	ર	કા	ર
	હે		જા		રી	મ		લી	
વ	લ	ચ		દા	સ		મા	ન	વ
જૂં		તી	ક	મ		અ	ન્ય		હે
કો	ક	મ		ન	દી		તા	લી	મ
	મ		ગ		ન	ત		લો	
વા	ર	સ	દા	ર		ર	સા	તા	લ
સો		ર્વ		મા	રુ	ત		રી	

૮૨૮૮ - ૭૬૬૭ મ્ક્રૈંટ્ઝાઠ

આજનું પંચાંગ

તા. 16/12/2025, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** માગશર :
તિથિઃ વદ: બારસ: 23:58, અક્ષપૂર્ણા વ્રત સમાપ્ત
રાષ્ટ્રિય દિનાંક : 25
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
નક્ષત્ર સ્વાતિ: 14:10
યોગ : અતિગંડ **કરણઃ** કૌવલ
રાશિઃ તુલા (ર,ત)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 07:10
સુરતમાં સૂર્યાસ્ત : 17:58 **નવકારસી :** 07:58
પારસી વર્ષ : 1395, અમદાદ માસનો 04થો રોજ
મુસલમાન વર્ષ : 1447, જમાદીઉલ આખર માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાંઃ કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): સમાજ અને કુટુંબજીવનમાં ઉત્સાહજનક કામ થાય. ઉમરલાયકના વિવાહ થઇ શકે. ઘરના કામ થાય.
વૃષભ (બ,વ,ઉ,): નોકર, ચાકરથી સાવધાન આરોગ્ય અને માતાને લગતા પ્રશ્નો સતાવે. હરીફો વધશે.
મિથુન (ક,છ,ઘ,): સંતાનોના અભ્યાસનાં કામમાં મિત્રોની મદદ મળે. જીવનસાથીની મદદ પરિવારનાં કામમાં મળે. આવક વધે.
કર્ક (ડ,હ,): બહારનાં કામ વધે. ઘરમાં અવરજવર વધે. વડીલોની ચિંતા સતાવે. નવી નોકરીની અચાનક તક મળે.
સિંહ (મ,ટ,): દલાલી માર્કેટીંગ, ટયુશન પ્રવાસ, ભાડા વગેરેમાં નવી તક મળે. આવક વધે. મિત્રોનો સાથ મળે.
કન્યા (પ,ઠ,ણ,): શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. મિત્રો સાથે નવી વધારાની આવક યોજના બને.
તુલા (ર,ત,): ક્રિએટીવ અને કાલ્પનિક વિચારોથી નવી તક મળે. નોકરીમાં પ્રગતિ કે જવાબદારી વધે.
વૃશ્ચિક (ન,ય,): મોજ-શોખ અને કોસ્મેટીકના વેપારમાં આવક વધે. સ્ત્રીવર્ગથી સાવધાન રહેવું.
ધન (ભ,ધ,ફ,ઢ,): ઉચ્ચ કક્ષાના મિત્રોની મદદ સામાજિક કામ તથા સંતાનોનાં કામમાં મળે. પરિવારની ચિંતા સતાવે.
મકર (ખ,જ,): સ્ત્રીવર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય. માતા-પિતા સાથે ઘર્ષણ થાય.
કુંભ (ગ,સ,શ,ષ,): કાયદા કાનૂન લેખન, પ્રકાશન, ઉચ્ચ શિક્ષણ અને આયાત નિકાસના ધંધામાં લાભ થાય.
મીન (દ,ચ,ઝ,થ,): આરોગ્યના ખર્ચા વધે. સરકારી કામમાં મદદ મળે. વારસામાં પ્રગતિ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 16 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરી ધંધામાં ચડતી-પડતીની સાથે ટેકનોલોજીનું જ્ઞાન મળે. નવા ફેરફારથી કામનો બોજ અને જવાબદારી વધે. વધુ પડતો બોજ આરોગ્યના ખર્ચા અને માનસિક પીડા વધારે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉધરાણીની ચિંતા સતાવે વારસા, જાયદાદ, જમીન, કાયદા કાનૂન અને સામાજિક પ્રશ્નો બાબતે વિઘ્નો વધશે. હરીફો અને હિતશત્રુઓ પરેશાન કરે. ઉમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાન વગેરે કામમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. મિત્રો-વડીલોની મદદ સંતાનોનાં કામમાં મળે.આવક વધારવા માટે સંઘર્ષ કરવો પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈમાં ભાગ્યનો સાથ મળે. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં કામનો બોજ વધશે. મન અશાંત રહે.

2.19 કરોડના રોકાણ ફ્રોડના ગુનામાં બે સહિત ત્રણની ધરપકડ

ગાંધીનગરઃ ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ 2.19 કરોડના ગુનામાં સંડોવાયેલી ગેંગના બે આરોપી નીતિન બચુભાઈ જાદવ અને બકુલ નટુભાઈ મકવાણાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે 9.72 કરોડના રોકાણ ફ્રોડમાં કચ્છથી એકની ધરપકડ સાથે રાજ્ય સીઆઈડી ક્રાઈમએ બે અલગ અલગ ગુનામાં ત્રણ આરોપીની ધરપકડ કરી છે.

સ્ટેટ સીઆઈડી ક્રાઈમના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ફરિયાદીને વોટ્સએપ મારફતે સંપર્ક કરી કસ્ટમર સર્વિસ તરીકેની ઓળખ આપી ગ્રુપમાં એડ કરીને ટીપ મુજબ રોકાણ કરવાથી ખૂબ નફો થશે, તેમ કરી લલચાવીને જુદી જુદી બેંક ખાતાઓની વિગતો મેળવી લઈ ટ્રેડિંગમાં અને આઈપીઓમાં રોકાણ કરાવીને 2.19 કરોડનું રોકાણ કરાવી છેતરપિંડી કરવાના ગુનામાં આરોપી નીતિન બચુભાઈ જાદવ (ઉં.વ. 30 રહે સાણંદ), અને બકુલ નટુભાઈ મકવાણા રહે (આકરુ ધંધુકા)ની ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યમાં મતદાર યાદીમાં 10.69 લાખ વિસંગતતાની ચકાસણી

5.08 કરોડ ફોર્મ પૈકી ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુની યાદીમાં 10.69 લાખ વિસંગતતા ધ્યાને આવી

33 પૈકી 26 જિલ્લામાં '0' વિસંગતતા, 7 જિલ્લામાં માત્ર 11 જ કિસ્સામાં ખરાઇ બાકી

ગાંધીનગરઃ કેન્દ્રીય ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશમાં ગત 27મી ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવી હતી. SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5.08 કરોડ મતદારને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે.

5.08 કરોડ ફોર્મ પૈકી ASD